ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૧૧-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

શરદ પવારની સોગઠી

મહારાષ્ટ્રની ફડણવીસ સરકાર સાચા અર્થમાં લઘુમતી સરકાર પુરવાર થઇ રહી છે. ભાજપ અને શિવસેના વચ્ચે વિધાનસભાની ટિકીટ વહેંચણીનો વિવાદ બેઉ વચ્ચેના ખટરાગમાં પરિણમતાં હવે મોહન ભાગવત જેવી મોટી હસ્તીને હિંદુત્વની દુહાઇ આપીને ઉદ્ધવ ઠાકરે સાથે કરેલી ભલામણ પણ કારગત નીવડી નથી. 'શિવસેના' ના નેતાઓ એમના સંસ્થાપક પ્રમુખ બાલાસાહેબ ઠાકરેની જેમ વાત વાતમાં તડ અને ફડ કરી દેવા ટેવાયેલા હોઇ એક વાર બગડી ગયેલી બાજી સુધારવાનું ઘણું કપરું બની જાય છે. શિવસેનાના વર્તમાન અધ્યક્ષ પોતે જ સત્તાનાં સપનાં જોતા થઇ ગયા હતા. સંજોગો એવા સરજાયા કે એમણે જેને સહાયક પાર્ટી માની લીધેલી તે ભારતીય જનતા પાર્ટી એના સંગઠન અને કરિશ્માઇ નેતાના નામે શિવસેના કરતાં એકલે હાથે બમણી બેઠકો મેળવીને સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવી. વળી વિચક્ષણ એનસીપી નેતા શરદ પવાર અને એમના વફાદાર સાથી પ્રફુલ્લ પટેલે મતગણતરી પતે એ પહેલાં જ ભાજપ સરકારને મહારાષ્ટ્રના હિતમાં વણમાગ્યું બિનશરતી સમર્થન જાહેર કરી દીધું. ભાજપ ભલે કહે કે અમે આવું કોઇ સમર્થન નહોતું માગ્યું, પરંતુ માગ્યા વગર તો માયે નથી આપતી! અંદરખાને શિવસેનાની ઉદ્દંડતાથી નારાજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પવાર-પટેલ સાથે આગોતરી સાંઠગાંઠ કરી જ દીધી હશે. હવે જયારે ફડણવીસ સરકારનું વિસ્તરણ થઇ રહ્યું છે ત્યારે ચૂકી જવાયેલી ટ્રેનમાં સવાર થઇ જવાની છેલ્લી તક શિવસેના પાસે છે. પણ શિવસેનાની અપેક્ષાઓ ઘણી મોટી હતી, જે ભાજપની નેતાગીરીને શરૂથી જ નકારી હોઇ એણે સ્વમાનભેર વિરોધ પક્ષમાં બેસવાનું સ્વીકાર્યું હતું. વિધાનસભાના અધ્યક્ષ પદ માટે ઊભા રાખેલા પોતાના ઉમેદવારને પરત ખેંચી લીધા પછી સરકારને ગૃહમાં બહુમતી સાબિત કરવાની હતી, આ કસોટીની વૈતરણી પાર કરવા માટે પણ ભાજપ પાસે એનસીપી રેસ્ક્યુ બોટ થઇ ગઇ અને છ મહિના માટે ભાજપની લઘુમતી સરકારને જીવનદાન મળી ગયું. શિવસેના સમસમીને બેસી રહી હતી ત્યાં ફડણવીસે શિવસેના માટે સરકારમાં જોડાવાનાં દ્વાર ખુલ્લાં હોવાની વાત જરૂર કરી, પણ સ્વમાની ઉદ્ધવે ઠાકરેને એ રીતે સરકારમાં જોડાવામાં નામોશી લાગી રહી છે. એમણે સમાધાનની કોઇ જ શક્યતા નહીં બચી હોવાનું અને ભાજપને કોંગ્રેસ-એનસીપી કરતાં પણ વધુ ખરાબ દર્શાવીને હાલ પૂરતી સમાધાનની વાત અભેરાઇને ચડાવી દીધી છે. એમ છતાં, કેંદ્રમાં મળેલું પ્રધાનપદું છોડવાની શિવસેનાની તૈયારી નથી, કારણ કે લોકસભાની ચૂંટણીમાં એનડીએના ઘટક પક્ષ તરીકે શિવસેનાએ ભાજપને જિતાડ્યો હોવાનો એ દાવો કરતા રહ્યા છે! શરદ પવારે એમના કાર્યકરોને મધ્યવર્તી ચૂંટણી માટે તૈયાર રહેવાની હાકલ કરી છે. રાજયમાં ચોથા ક્રમે ધકેલાઇ ગયેલી પાર્ટી હાલ તો રાજકારણની રમતમાં ચેમ્પિયન સાબિત થઇ છે. પરંતુ સમય અને સંજોગો જોઇ એ કોઇ પણ ક્ષણે ભાજપની ફડણવીસ સરકારને આપેલ સમર્થન પાછું ખેંચી લઇ શકે એમ છે. મહારાષ્ટ્ર એ રાજકારણનું અભિનવ કુરુક્ષેત્ર બની રહ્યું છે અને પવાર ભલે લોકપ્રિયતા કે સભ્ય સંખ્યાની રૂએ નીચા ઊતર્યા હોય, પરંતુ રાજરમતના સૌથી માહેર ખેલાડી તરીકે ઊપસી ચૂક્યા છે એમાં બે મત નથી.

ચૌધરી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ઈજાગ્રસ્ત બાળકને પ્રાથમિક સારવાર ના મળી

શાળામાં પ્રાથમિક સારવારની કીટ કે કોઈ વ્યવસ્થા નહોતી : ધો-૧માં ભણતા બાળકને દાઢી નીચે ઈજા થતા ચાર ટાંકા આવ્યા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૭માં આવેલ જે.એમ. ચૌધરી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧માં અભ્યાસ કરતા એક ભૂલકાંને વર્ગમાં કોઈ કારણસર ઈજા થવા પામી છે અને જેની સારવાર માટે તેને ૪ ટાંકા લેવા પડયા હતા. આ શાળામાં બાળકને ઈજા થતાં પ્રાથમિક ઉપચારની કોઈ કીટ કે વ્યવસ્થા ના હોવાથી તેના વાલીને તાત્કાલિક બોલાવી બાળક સોંપવામાં આવ્યું હતું. જેને વાલીએ ખાનગી દવાખાનામાં સારવાર અપાવી હતી.

બનાવની વિગતોમાં સેકટર-૪-એમાં રહેતા રાજકુમાર પરમારનો પુત્ર કલ્પીત જે.એમ. ચૌધરી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧માં અભ્યાસ કરે છે જેને વર્ગમાં કોઈ કારણસર દાઢી નીચે ગંભીર ઈજા થઈ હતી. આથી શાળામાં તેના વાલીને ફોન કરી તાત્કાલિક બોલાવવામાં આવ્યા હતા. વાલી શાળામાં આવે ત્યાં સુધી બાળકને કોઈ પણ જાતની પ્રાથમિક સારવાર આપવામાં આવી નહોતી કારણકે તે માટેની કીટ કે સગવડ શાળામાં નહોતી. આથી વાલીએ બાળકને તુરંત ખાનગી દવાખાનામાં સારવાર અર્થે ખસેડયું હતું. જયાં તેને ચાર ટાંકા લેવા પડયા હતા અને પગના ભાગે પણ ઈજાઓ હોવાનું માલુમ પડયું હતું. શાળામાં બાળકોની સલામતી અને આકસ્મિક સંજોગો માટે પ્રાથમિક સારવારની સુવિધા હોવી જોઈએ અને બાળક જયાં સુધી સ્કુલમાં હોય ત્યાં સુધી શાળાની જવાબદારી હોવી જોઈએ તેવી રજૂઆત સાથે બાળકના વાલીએ જિલ્લા શિક્ષણાધિકારી સહિત શિક્ષણ વિભાગ સમક્ષ ધા નાંખી છે.

આજે વૈજનાથ મહાદેવ ખાતે શિવપૂજા યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળ દ્વારા તા. ૨૦મી નવેમ્બર ગુરૂવારે સાંજે ૪.૦૦ વાગે સેક્ટર-૨૧ માં આવેલ વૈજનાથ મહાદેવ ખાતે કારતક શિવરાત્રિ નિમિત્તે ભગવાન સદાશિવ ભોળાનાથની પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિવપૂજામાં તમામ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

સાહેબ, આપણી ડમ્પીંગ સાઇટમાં મેડીકલ વેસ્ટ, ઇલેક્ટ્રોનિક વેસ્ટ, ઓટો મોબાઇલ વેસ્ટ, પ્લાસ્ટીક વેસ્ટ એવું અલગ અલગ ગોઠવીને ગાર્બેજ - ટુરીઝમનો આઇડીયા લાવીએ તો કેવું ?

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તારીખ ૧૯મી સપ્ટેમ્બરના રોજ કેર એન્ડ સપોર્ટ સેન્ટર (વિહાન પ્રોજેક્ટ) દ્વારા બપોરે ૩ થી ૫ કલાકે સિવિલ હોસ્પિટલના તમામ મેડીકલ ઓફિસર એ ઇન્ચાર્જ સિસ્ટર્સ તથા ગાંધીનગર ખાતે એચઆઈવી ક્ષેત્રમાં કામ કરતા તમામ પ્રતિનિધિઓ સાથે આરએમઓ બહેનના અધ્યક્ષ સ્થાને સંકલન મીટીંગ કરવામાં આવી હતી. આ મીટીંગમાં ગાંધીનગર જિલ્લાના એચઆઈવી પોઝીટીવ લોકોના હિતને ધ્યાનમાં રાખીને તેમને સરળતાથી મેડીકલ સુવિધામાં મુશ્કેલી ન પડે તથા કોઈ પણ પ્રકારનો સારવારને લગતો ભેદભાવ ન થાય તે અંગે વ્યવસ્થા ગોઠવવાની મીટીંગમાં ઉપસ્થિત રહેલા તમામ પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચઆઈવી એઈડ્સ (ગાંધી એનપી પ્લસ)ની કામગીરી અંગેની પણ જાણકારી આપવામાં આવી હતી. (તસવીર : સમીર રામી)

ખેલમહાકુંભ અંતર્ગત યોજાયેલી

જિલ્લાની અંડર-૧૬ ભાઈઓની ખો-ખો ટીમે અરવલ્લી જિલ્લાની ટીમને ફાઈનલમાં ઢેર કરી

ડભોડા શ્રી એચ.એમ. વિદ્યાવિહારની ટીમ વિજેતા

ગાંધીનગર, તા.૧૯

તાલુકાની ડભોડાની શ્રી એચ.એમ.વિદ્યામંદિર અંડર-૧૬ ખો-ખોની ટીમે ખેલ મહાકુંભમાં રાજયકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી જિલ્લાનું નામ ઉજળું કર્યું છે.

ખેલમહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની અંડર-૧૬ ભાઈઓની ખોખો સ્પર્ધા સુરેન્દ્રનગર ખાતે યોજાઈ હતી. જેમાં ફાઈનલ ગાંધીનગર તાલુકાના ડભોડાની શ્રી એચ.એમ. વિદ્યામંદિરની ખો-ખો ટીમ અને અરવલ્લી જિલ્લાની શાળા વચ્ચે યોજાઈ હતી. ફાઈનલમાં ડભોડાની ટીમે આઠ રાઉન્ડમાં અરવલ્લી જિલ્લાની ટીમને ઢેર કરી હતી. ભાઈઓની ખો-ખો વિજેતા ટીમને ગોલ્ડમેડલ, દરેક ખેલાડીને રૂ. ૫૦૦૦ પુરસ્કાર અને ટ્રેક શુટ આપવામાં આવ્યા હતા. જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી જિલ્લાનું નામ ગજાવનાર ટીમને અને ટીમના કોચ મહેશ સોલંકીને શાળા પરીવારે અભિનંદનની વર્ષા વરસાવી હતી.

'સીગ્નેશ ઈવેન્સ' કંપની દ્વારા મીસ્ટર ગુજરાત અને મીસ ગુજરાત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનાં લોંન્ચીંગ કાર્યક્રમમાં સુપ્રિસદ્ધ હાસ્ય કલાકાર સુનીલપાલ અને પૂર્વ મીસ ગુજરાત મીનાક્ષી તેમજ સીગ્નેશ ઈવેન્સના મનીષ આમંગ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

ખેડા ગુરૂ બ્રાહ્મણ સમાજે વિવિધ સ્પર્ધાઓ યોજી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત ગારૂ બ્રાહ્મણ સમાજ ખેડા જિલ્લા ઘટક નડિયાદ, ચરોતર ૩૩ ગામ આયોજિત ધો-૧ થી કોલેજ કક્ષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની વિવિધ સ્પર્ધાઓ ઉત્સાહપૂર્વકના વાતાવરણમાં સંપન્ન થઈ હતી. શ્રી જલારામ મંદિર નડિયાદ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં રંગોળી, ચિત્રકામ, નિબંધલેખન, અભિનય ગીત, સંસ્કૃત શ્લોક, ગુજરાતી-હિન્દી ફકરાનું વાંચન, ભજન સ્પર્ધા, વકતૃત્વ અને રાષ્ટ્રગીત જેવી અનેક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખ ગૌતમભાઈ ગેડિયા, મહામંત્રી જયંતિભાઈ શ્રીમાળી, જલારામ મંદિરના સંયોજકશ્રી ભાનુભાઈ પારેખ અને સહાયક માહિતી નિયામક ભાનુભાઈ દવે, સાબરકાંઠાના શ્રી ભરતભાઈ શ્રીમાળી સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તથા સમાજના સંગઠનને કોઈ પણ જાતના હોદ્દા કે સન્માનની લાલચ વગર વધુ મજબૂત બનાવવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના કાર્યકારી અધ્યક્ષપદે લક્ષ્મણભાઈ એમ. શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા જયારે રાજયકક્ષાના ઉપપ્રમુખ કિરણભાઈ પી. તપોધન અધ્યક્ષ નટવરલાલ પી. શ્રીમાળી, મંત્રી ગાંડાભાઈ પંડયા, ખજાનચી રઘુરામ પુરાણી, ઓડિટર રમેશભાઈ શ્રીમાળી, ઉપપ્રમુખ રાજુભાઈ શ્રીમાળી સહિતના સમગ્ર ઘટકના હોદેદારો અને કારોબારી સભ્યોએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી બાળ કલાકાર બ્રિજેશ દવેનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઈનામ વિતરણ મલાતજના શ્રીમતી કુસુમબેન શ્રીમાળી, ગાંડાભાઈ એ. પંડયા અને આશ્વાસન ઈનામ ડભાણના ભીખાભાઈ પી. શ્રીમાળી તરફથી આપવામાં આવ્યા હતા.

જાસૂસ ગલ્લિનું પરાક્રમ - સોનાનો દોરો ચોરનાર પકડાયો

આજે ગલ્લિને મનમાં ફરીથી ચળ ઉપડી. તેણે સામેના ફ્લેટના ઘરની બારીમા જોયું તો મોહિલ અસ્વસ્થ બની આમતેમ ઘરમાં આંટા મારતો હતો. જાણે ફ્લેટ્સની ઊંચી કતાર અને આડી થયેલી લાગી. આ વિચિત્ર અનુભવથી ગલ્લિનું મન ચકરાવે ચડ્યું હતું. મોહિલને જોઇને મનમાં બબડી : 'શું થયું હશે? આજે કેમ મોહિલ ઘરમાં આંટા માર્યા કરે છે?'

ગલ્લિ આમ તો પ્રસિદ્ધ ગુર્જર સમાચારમાં કામ કરતાં પત્રકારનું ઘરકામ કરતી એક સામાન્ય છોકરી હતી. તેના શેઠ તો આખા દેશમાં સમાચાર માટે ફરતા હોય. પણ હા, જયારે જયારે ગલ્લિને મળે એટલે રસપ્રદ અને રહસ્યમય વાતોને લઇ આવે. કેવી રીતે ચોરને પોલીસે ફસાવીને પકડી પાડ્યો, ચોરની નબળી કડીઓની વાત થતી અને ક્યારેક પોલીસની નિર્બળતાની ચર્ચા પણ થતી. શેઠાણી મીરાબેન એને ખૂબ સારી રીતે રાખતાં. ઘરનું કામ, કામ પુરૂ થાય એટલે એને વાંચવાની અને ટીવી જોવાની તક આપતા. ધીમે ધીમે છાપાના સમાચાર તે ધ્યાનથી વાંચતી થઇ. આજના સમાચાર પણ તેને આઘાત આપવા માટે પૂરતા હતા. ક્યારેક સમય જતાં તે બીજા કામોમાં પરોવાતા અવનવી વાતો વિસરી પણ જતી. પણ એને હંમેશા થતું કે ચોર માટે ચોરી કરી પલાયન થઇ જવું સહેલું છે તો પછી ચોરોને પકડવું આપણા માટે કેમ અઘરું બની જતું હશે?

તેનો પાકો ભેરુ હતો સામેના ફ્લેટનો તરુણ છોકરો મોહિલ. આમ તો તેની ઓળખાણ બહુ દિવસની નહોતી. પણ ગલ્લિની નિખાલસતા અને મોહિલની સાહસિકતા બંનેને એક કરવામાં વધારે કારગત નીવડ્યા હતા. બપોર પછી બંને ગમે ત્યાં મળી લેતા. તેમની મિત્રતાની સામે કોઇને બહુ વાંધો નહોતો, કારણ કે મોહિલ હજી માંડ પંદરનો અને ગિલ્લી તો વીસ ઉપરની. પણ બંનેનો એક જ શોખ ભરપૂર વાતો... વાતો... અને વાતો...

આજે ગિલ્લીએ કંઇક નક્કી કર્યું હોય એમ બધું કામ ફટાફટ આટોપી કોઇ મોરચો ખોલવાની તૈયારીમાં હતી. ત્યાં એની માલકણનો અવાજ બીજા ઓરડામાંથી સંભળાયો.

'બેટા! દરવાજો ખોલ તો... બહાર કોઇ આવ્યું લાગે છે. હું ક્યારની તને બૂમ પાડું છું. ગલ્લિએ એકદમ દરવાજો ખોલી નાખ્યો. તેની નજર સીતારાદેવી પર પડી. બિલકુલ રડસમ ચહેરે સીતારાદેવી ઘરમાં આવ્યા એવા ફસડાઇને સોફા ઉપર પડ્યા અને તરત રીતસર રડવા લાગ્યા.'

'અરે મીરાબેન! આમ આવો, આ બાજું આવો. આજે તો હું લૂંટાઇ ગઇ.'

મીરાબેન રીસસર દોડતાં આવ્યાં. 'અરે! આટલા બધા ગભરાઇ કેમ ગયાં છો?'

'આ શહેરમાં શું થવા બેઠું છે. હું તો આમ સોસાયટીના નાકેથી શાકમાર્કેટના માર્ગે વળુ ત્યાં તો એક ઝીંથરા વાળવાળો છોકરો મારા ગળાનો હાર બાઇક પરથી ખેંચીને જાણે અલોપ થઇ ગયો. અને વધારામાં પુરું ટીનીયાના બાપુજી પણ બે દિવસ માટે ઓફિસના કામે બહાર ગયા છે.' સીતારાદેવી એક જ શ્વાસે બોલી ગયા.

ગલ્લિનો ચહેરો જોવા જેવો થઇ ગયો. એક સાથે જિજ્ઞાસા અને શૂરવીરતાનો ભાવો એની જીણી આંખોમાં તરી આવ્યા. મનોમન જાણે કશુંક ભાળી ગઇ હોય તેમ બોલી ઊઠી.

'અરે! પણ તમે તેને પછાડી કેમ ન નાખ્યો? બોચીમાંથી ઝાલીને એક અડબોથ મારવી હતી ને સાલાને... પછી આગળ તો જોયું જાત..., ભાગે શાનો એની... તો આપણા લોકો પણ કેવા સાવ... કોઇએ તો મદદ કરવી જોઇએ કે નહિ, બધાએ જાણે બંગડીઓ પહેલી લીધી છે.'

'અરે વાહ ગલ્લિ તું તો જબરી છે ને! આ મોટા પત્રકાર અભિષેકભાઇની કામવાળી પણ જાણે પોલિસ ઇન્સ્પેક્ટર હોય એવો રોફ જમાવે છે.' સીતારાદેવીનો અવાજ બદલાઇ ગયો. 'આ છોકરી કંઇક જુદી માટીની લાગે છે.'

વચ્ચે મીરાબેન કહેવા લાગ્યા 'ના ના સીતારાદેવીજી એમ નહી, તો આ તો છાપા અને સિરીયલોમાં જે અને તે ચોર-પોલીસની સિરીયલો જોઇને થોડો પરાક્રમનો નશો તેને હંમેશા ચડેલો રહે છે બાકી છોકરીઓથી તે કંઇ થતું હશે?'

ગલ્લિનો ગુસ્સો સાતમા આસમાને હતો. તે જો હવે કશુંક બોલશે તો કોઇને ખોટું લાગી જશે. તેની ગલ્લિ કંઇ બોલ્યા વિના ઘરની બહાર નીકળી સામેના ફ્લેટના મોહિલને મળવા ઉપડી ગઇ. તેના ઘરે જઇ તેને ફટાફટ તૈયાર થવાનું કહી બંને નીકળી પડ્યા બાજારની ઊભી વાટે. ગલ્લિએ મોહિલને પુછ્યું કે : 'હું તને ક્યારની બારીમાંથી જોતી હતી કે તું ઘરમાં આમતેમ ચક્કર લગાવી રહ્યો હતો.' મોહિલે પાસેથી તેણે જાણવા મળ્યું કે આપણા વિસ્તારની એક ટુકડીએ બરાબર રેકી કરીને નાની મોટી કરવાનો પ્લાન કર્યો હોય તેવા સમાચાર તેને પાનના ગલ્લાવાળા મિત્ર મહેશ પાસેથી મળ્યા હતા. છેવટે બંનેએ નક્કી કર્યું કે આજે તો કોઇ પણ રીતે આ ટુકડીના સગડ મેળવવા.

આગળ જતા ગલ્લિએ મોહિલને એક તરકીબ બતાવી. સીતારાદેવીના સોનાના હારને પાછો મેળવવા માટેનો ગલ્લિનો પ્લાન સાંભળીને મોહિલ અવાચક થઇ ગયો અને તેની આંખો ચમકવા લાગી. બંને એ એ એકબીજાને છૂપી તરકીબ માટે મનોમન સંમતિ આપી દીધી. નક્કી કર્યા મુજબ અલગ - અલગ માર્ગે જવાનું સ્વીકાર્યું.

ગલ્લિ પહોંચી સીધી એક નાઇની દુકાને અને મોહિલ પહોંચ્યો સીધો એના પાનના ગલ્લાવાળા મિત્ર મહેશભાઇ પાસે વચ્ચે ગલ્લિએ સેલફોનથી પત્રકાર શેઠ અભિષેકભાઇની સલાહ લઇ લીધી. અભિષેકભાઇના સૂચનથી ઇન્સ્પેક્ટર ટોપીવાલા પણ સીતારાદેવીના હારના શોધમિશનમાં જોડાઇ ગયા. સાંજ પડતા - પડતા અને મોહિલના સાક્ષાત્કાર (ઇન્ટરવ્યુ) ચાલવા લાગ્યા. મીરાબેન તો ટીવીની સામે જ બેસીને ગલ્લિ અને મોહિલની ચપળતા અને સમયસૂચકતા અંગેના સમાચાર સાંભળીને મનોમન હરખાતાં હતા. ત્યાં રોશની ટીવી ચેનલના પત્રકારે લાઇવ કાર્યક્રમ બતાવાનું શરૂ કર્યું. ગલ્લિ અને મોહિલે બંને ઇન્સ્પેક્ટર ટોપીવાલાની આજુબાજુ ગૌરવભેર બેઠાં હતા. પત્રકારે પહેલા તો બંને મહેમાનોનો પરિચય કરાવ્યો અને કહ્યું કે : 'પ્રેક્ષક મિત્રો! આજે તમારી સમક્ષ એવા બે જાંબાજો યુવાઓને મળાવી રહ્યો છું. જેમણે આપણા ગૌતમનગરને અને આખા દેશને ગૌરવ અપાવ્યું છે. તેઓએ પોતાની ઉંમર કે આવી પડનારી મુશ્કેલીની ચિંતા કર્યા વગર એક આ દેશ અને રાજય માટે ઉદાહરણીય કામ કરી બતાવ્યું છે. બંને મિત્રોના નામ છે કુમારી ગલ્લિ અને યુવાસપૂત ચિ. મોહિલ' પત્રકારે પરિચય આપતાં જ બંનેએ પ્રેક્ષકોને મનસ્કાર કર્યા. ઇન્ટરવ્યુના અંતે જાણવા મળ્યું કે કેવી રીતે ગલ્લિ અને મોહિલે દિવસે ચોરી કરતી ટુકકીને પકડી પાડી હતી.

વાત જાણે એમ હતી કે જયારે સીતારાદેવીએ મીરાબેનના ઘરે ચોરનું વર્ણન કર્યું હતું તે ગલ્લિએ બરાબર સાંભળ્યું હતું. તેમાં તેણે નોંધ્યું હતું કે બાઇક ચલાવનારના વાળ વિશિષ્ટ પ્રકારના રુચ્છાદાર હતા. ગલ્લિ મોહિલથી છુટી પડીને સીધી નાઇની દુકાનેથી થોડીક માહિતી મેળવી લીધી. છેલ્લે કોણ કોણ વાળ કપાવવા આવ્યું હતું? કેવી ભાષા બોલતા હતા? તેમાંથી રુચ્છાદાર વાળના યુવકની વાત તેણે બરાબર પકડીને કેટલાક સંકેતો મેળવી લીધા. ગલ્લિને ખ્યાલમાં આવ્યું કે ગૌતમનગરના છેવાડે એક ગરનાળાની ડાબી બાજુના ઝૂંપડા વિસ્તારમાં હમણાં હમણાં એક સાથે દસ-બાર નવા ઝૂંપડા બની ગયેલા હતા. ગલ્લિ સીધી એ નવા બંનેલા ઝૂંપડામાં પહોંચીને કહ્યું કે મારે એક નોકરની જરૂર છે તો કોઇ કામ પર આવી શકશે. એક ઝૂંપડામાંથી વડિલ બહાર નીકળીને ન ખબર પડે તેવી ભાષામાં કશુંક બોલતા હતા. એટલી વારમાં ગલ્લિએ એક રુચ્છાદાર વાળવાળો છોકરો મોઢું છુપાવીને ઝડપથી સામેના ગરનાળામાંથી ભાગતો જોયો. ગલ્લિએ સેનફોનથી ઇન્સ્પેક્ટર ટોપીવાળાનો સંપર્ક કરીને ભાગતા છોકરાની દિશા અને સરનામા વિશે જાણ કરી દીધી. પેલો ચોર તો બાઇક લઇને વાયુવેગે ભાગ્યો. આગળના રેલવે ફાટક પરથી સીતારાદેવીના હારનો ચોર મુદ્દામાલ સાથે પકડાઇ ગયો. તરત જ પોલીસનો કાફલાએ પેલી નવી ઝૂંપડપટ્ટીને બધી બાજુથી ઘેરી લીધી અને આખી ચોર ટુકડીને પકડી પાડી. મોહિલે જે ગલ્લિને મિત્ર મહેશભાઇ પાસેથી ઝૂંપડપટ્ટીની માહિતી આપી હતી. મહેશભાઇના ગલ્લામાં કામ કરતા એક છોકરાએ જ જણાવ્યું હતું કે અમારા વર્ષો જૂના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં અચાનક દસબાર નવા ઝૂંપડા બની ગયા છે બધા જ લોકો કંઇક વિચિત્ર વર્તન અને પ્રવૃત્તિમાં લાગેલા રહે છે. સમાચાર ચેનલે આખી ઘટનાને વારંવાર બતાવીને લોકોને માર્ગદર્શન અને સાહસિકતા બતાવવા માટે આગળ આવવા આહ્વાન કર્યું.

રાત્રે મોડેથી ગલ્લિ અને મોહિલનું અભિવાદન ગૌતમનગરના બધા અગ્રગણ્ય લોકોએ કર્યું. સીતારાદેવી તો ચોર પાસેથી મળેલ હાર જ લઇને ઊભા હતા. જેની ગલ્લિ તેમની પાસે આવી કે તરત જ તેમણે એ હાર ગલ્લિના ગળામાં પહેરાવી દીધો. ગલ્લિએ વિનયપૂર્વક હારને પરત કર્યો. ઇન્સ્પેક્ટર ટોપીવાલા ત્યાં ઉપસ્થિત હતા, તેમણે બધા વતીથી ગલ્લિ અને મોહિલનો આભાર માન્યો અને એક વિનંતી બંને યુવા સાહસિકોને કરી. 'શું તમે અમારા માટે, આ ગૌતમનગરના લોકો પાસે પોલીસની મદદ કરવા તૈયાર છો? તમે કરી શકો તે પ્રકારનું કામ જ તમને સોંપવામાં આવશે. બોલો છો તૈયાર? બધા લોકો તો જોતા જ રહી ગયા. ઇન્સ્પેક્ટર ટોપીવાલાએ કહ્યું ગભરાતા નહિ તમારે કંઇ અમારી જેમ રાત દિવસ ભાગવાનું નથી. પણ હકીકત છે કે નાગરિકોનો ડર જયાં સુધી દૂર નહિ થાય ત્યાં સુધી કિ પણ આલિયો-માલિયો આપણને ઘોળે દહાડે લૂંટી જશે. પોલીસ વિભાગમાં એવા લોકોની જરૂર હોય છે જે બહાદૂર અને નીડર હોય. અમારી પાસે કેટલીય એવી સેવાઓ હોય છે જે તમે થોડીક તાલીમ અને અનુભવથી શીખીને અમને મદદ કરી શકાય છે. આવતીકાલે મને બપોરે બે વાગે મળવા માટે આવી શકો છો. આ પ્રકારની માગણીથી ગૌતમનગર આખું ટટ્ટાર થઇ ગયું. જાણે કોઇ ગબ્બરને પકડવાની ફોજ તૈયાર ન હોય! ગલ્લિ અને મોહિલની આંખો હર્ષાશ્રુથી ભીંજાયેલી હતી.

વિચારોના મધુવનમાં
- પ્રા. ડો. રાકેશ પટેલ